# મહાનગરના મહાજંગનું એલાન

**મનપાની ચૂંટણી માટે ૨૭મીએ જાહેરનામુ, ૧૮ એપ્રિલે મતદાન : આજથી આચારસંહિતાનો અમલ શરૂ : શહેરમાં ૨,૮૨,૯૮૮ મતદારો : પાંચ ચૂંટણી અધિકારીઓ : ૨૮૪ મતદાન મથકો પૈકી ૬૯ સંવેદનશીલ અને ૩૪ અતિ સંવેદનશીલ મતદાન મથકો : ૧૫૭૫ કર્મયોગી ચૂંટણીની ફરજો બજાવશે : ૩૧૫ સીયુ. અને ૬૩૦ બી.યુ. ઉપયોગમાં લેવામાં આવશે : કોરોનાની ગાઈડલાઈનનો ચુસ્તતાથી અમલ કરાશે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અનેકવિધ તર્ક વિતર્કો વચ્ચે આજે રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરી છે. રાજ્ય ચૂંટણી પંચના કમિશનર સંજયપ્રસાદ, સચિવ મહેશભાઈ જોશીએ આજે પત્રકાર પરિષદમાં સાંજે ૪.૩૦ વાગે આ અંગેની જાહેરાત કરી છે.

૫ મી મે ના રોજ મનપાની મુદત પૂર્ણ થઈ રહી હોવાથી તે પહેલાં ચૂંટણી યોજવી જરૂરી હોવાથી આ ચૂંટણી જાહેર કરવામાં આવી છે. આ જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતાનો પણ અમલ શરૂ થશે.

તેમણે પત્રકારોને જણાવ્યુ હતુ કે મહાનગરપાલિકાની આ સામાન્ય ચૂંટણી છે અને તંત્ર દ્વારા તે માટે પૂરતી તૈયારીઓ કરી લેવામાં આવી છે. કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા તંત્રએ પૂરતી તૈયારીઓ કરી છે. મતદાન મથક પર થર્મલ ગન રહેશે જેનાથી મતદારનું ટેમ્પરેચર લેવામાં આવશે. ફેસ શિલ્ડ કર્મયોગીઓને અપાશે. આ ઉપરાંત સેનીટાઈઝર, હેન્ડ ગ્લોવઝ પણ અપાશે.

સંજયપ્રસાદે કહ્યુ હતુ કે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ભંગ કરનારાઓ સામે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીવેળાએ પગલાં લેવામાં આવ્યા જ હતા જેમાં અનેક કિસ્સાઓમાં એફ.આઈ.આર. પણ કરાવવામાં આવી છે. ગાંધીનગરમાં એક માત્ર ચૂંટણી હોવાથી તંત્ર પુરતુ ધ્યાન કેન્દ્રીત કરશે.



જો કે તેમણે જણાવ્યુ હતુ કે શહેરની હદમાં વધારો થયો છે અને પબ્લીક મિટીંગ માટે નાના મેદાન નહિ પણ મોટા મેદાનો પણ ઉપલબ્ધ છે. આમ છતાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે.

મનપાની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે ચૂંટણીનું જાહેરનામુ ૨૭મી માર્ચે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સાથે જ ચૂંટણી પ્રક્રિયા અને ઉમેદવારી પત્ર ભરવાનો પ્રારંભ થશે.

ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૧લી એપ્રિલ ૨૦૨૧ રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૩જી એપ્રિલે હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૫ એપ્રિલ રહેશે.

મતદાન ૧૮મી એપ્રિલને રવિવારે સવારે ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી યોજાશે. પુનઃ મતદાન જરૂર પડ્યે ૧૯મી એપ્રિલે યોજાશે. જયારે મતગણતરી ૨૦ એપ્રિલના રોજ યોજાશે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૧મી એપ્લિના રોજ સંપન્ન થશે.

તેમણે જણાવ્યુ હતુ કે મનપાની ચૂંટણી માટે ૩૧૫ સી.યુ. અને ૬૩૦ બી.યુ.નો ઉપયોગ કરાશે.

તેમણે કહ્યુ હતુ કે આ ચૂંટણીમાં ૨૮૪ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. હાલના આકલન મુજબ ૬૯ મતદાન મથકો સંવેદનશીલ તથા ૩૪ મતદાન મથકો અતિ સંવેદનશીલ મતદાન મથકો છે.

ગાંધીનગર મનપાની ચૂંટણી માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૨,૮૨,૯૮૮ છે જેમાં ૧,૪૫,૬૯૪ પુરૂષ મતદારો અને ૧,૩૭,૨૮૫ મહિલા મતદારો તેમજ ૯ અન્ય મતદારો છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ચૂંટણીની જાહેરાતે ચિંતા જન્માવી છે


**ગાંધીનગરના મતદારો શિક્ષિત અને સમજદાર હોવાથી રાજકીય તાયફાઓ તેમને આકર્ષતા નથી**

**સમયસર**

કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાતે શહેરમાં ભારે ચર્ચા જગાવી છે. છ મહાનગરપાલિકાઓની ચૂંટણીના પગલે કોરોનાના વધેલા કેસ ચિંતાજનક તો છે જ એ જ માર્ગે ગાંધીનગરને લઈ જવુ છે એમ સરકાર ઈચ્છે છે..? શહેરની અનેક સંસ્થાઓએ હાલ પુરતી ચૂંટણી મોકુફ રાખવા રજૂઆતો પણ કરી હતી જેને મજાક સમજીને ઉલ્ટાનું ચૂંટણી વહેલી જાહેર કરાઈ હોય એમ લાગે છે. ચૂંટણી લોકશાહીનું પર્વ એટલે લોક પ્રતિનિધિઓને ચૂંટણી લડવાનો બંધારણીય અધિકાર છે એમાં કોઈ બેમત નથી પરંતુ કોરોનાના કપરાં કાળમાં એકાદ-બે મહિના મુલ્તવી રખાઈ હોય તો કંઈ ખાટુ મોળુ થવાનુ નહોતુ. સત્તાના સમીકરણો બદલાવવાના નહોતા અને બે મહિનામાં વિરોધ પક્ષો મજબૂત બની જવાના નહોતા પરંતુ કોણ જાણે કેમ વિજયનો અતિ વિશ્વાસ કે પરાજયના છૂપા ડરથી ગાંધીનગરને કોરોનાગ્રસ્ત બનાવવાનો ઈરાદો હોય એવુ લાગે છે. વિજય 'અ' પક્ષનો થાય કે 'બ' પક્ષનો થાય પરંતુ પરાજય તો પ્રજાનો થઈ રહ્યો છે. છેલ્લા ચાર દિવસમાં કોરોનાના સત્તાવાર કેસના આંકડા બમણાં થયા છે. ખાનગી લેબોરેટરીના કહેવા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૮૦ નાગરીકોના ટેસ્ટ કર્યા હતા જેમાંથી ૪૩ ના ટેસ્ટ પોઝીટીવ છે. આ આંકડા ક્યાં જઈને પહોંચશે જ્યારે ચૂંટણીઓની રેલી યોજાશે, સભા થશે, ઘેર ઘેર ટોળાં ફરશે. આ કલ્પના જ હચમચાવે છે.

સાહેબ, રાજ્યના બીજા નગરો અને મહાનગરો કરતાં ગાંધીનગરની સ્થિતિ અલગ છે. અહીંયા વડીલોની સંખ્યા નોંધપાત્ર છે અને વડીલો સંક્રમિત થાય છે ત્યારે કેવી ચિંતાજનક સ્થિતિ નિર્માણ પામે છે એ દિવાળીના પંદર દિવસ બાદ ગાંધીનગરે અનુભવ્યુ છે. પણ, ખેર હવે જાહેરાત થઈ જ ચૂકી છે ત્યારે તમામ પક્ષોને નિયમો પાળવા માટે નાગરિકો વિનંતી કરે છે. પ્રચારના જુસ્સામાં નિયમોના લીરાં ન ઉડાડતા પ્રચારમાં ટોળાબંધ ઘરમાં જવાનું ટાળજો. માસ્ક અને સેનેટાઈઝરનો વારંવાર ઉપયોગ કરજો. અને રેલીઓ અને સભાઓમાં સંયમ રાખશો તો ગાંધીનગરને ગમશે. ગાંધીનગર શિસ્ત અને સંસ્કારવાળુ નગર છે. અહીંયા નેવુ ટકાથી વધારે નાગરિકો શિક્ષિત છે એટલે રાજકીય તાયફા કે કાવાદાવાથી પ્રેરાઈ જઈને મતદાન કરશે એવો ભ્રમ પહેલાથી ન રાખતા. ગાંધીનગરનો મતદાર ખૂબ ગંભીરતાપૂર્વક મતદાન કરે છે. અને તમામ રાજકીય પક્ષો પાસે એવી પણ અપેક્ષા છે કે પરિસ્થિતિનો ગેરફાયદો ન ઉઠાવતા. ફાયદો ઉઠાવજો અને નગરને ફાયદો કરજો. ચૂંટણી બાદ કોરોનાના કેસ વધે નહી એવી અપેક્ષા સૌ પાસે છે.

ચૂંટણીના ઢોલ વાગ્યા જ છે ત્યારે ઉમેદવારો જીતે, પક્ષો જીતે અને સૌથી અગત્યનું ગાંધીનગર જીતે એ છે...



Spathodia Campanulate... ઉચ્ચાર કરવામાં જીભ લોચો વળે એવુ વિદેશી કુળનું ફૂલ ગાંધીનગરની શોભા વધારી રહ્યુ છે. દેખાવમાં કેશુડો જ લાગે... ભલભલા જાણકારી ગોથા ખાઈ જાય... પરંતુ ધ્યાનથી જુઓ તો ખબર પડે કે એ તો કેશુડો નથી એનું ડુપ્લીકેટ કોઈ ફૂલ છે. ઉનાળાના આગમને શહેરમાં કેટલાક સ્થળોએ આ ફૂલ જોવા મળ્યાં... જાણીતા પર્યાવરણવિદોએ ખાંખાખોળા કરી આ ફૂલનું નામ શોધી આપ્યુ... **Spathodia Campanulate** એ આ વૃક્ષ કે ફૂલનું વૈજ્ઞાનિક નામ છે. તેને આફ્રિકન તુલીપ તરીકે પણ ઓળખવામાં આવે છે. લગભગ સો-સવા સો વર્ષ પહેલા તેને ભારત લાવવામાં આવ્યુ અને વિવિધ બગીચાઓમાં તેનો ઉછેર કરવામાં આવે છે. સ્થાનિક ભાષામાં તેને લોકો 'પિચકારી' પણ કહે છે. હોળી નજીક આવી રહી છે ત્યારે આ પિચકારીનું ફૂલ શહેરની શોભા વધારી રહ્યું છે.

## ચૂંટણીની જાહેરાત અને ૨૩મીએ મનપાની સામાન્ય સભાને લઈ નવો વિવાદ

**વર્ષ-૨૦૨૧-૨૨નું મનપાનું અંદાજપત્ર મંજૂર કરવા માટે ૨૩મી માર્ચના રોજ સામાન્ય સભા બોલાવવામાં આવી છે**

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય ચૂંટણી પંચે એક તરફ મનપાની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે ત્યારે વર્ષ-૨૦૨૧-૨૨નું મનપાનું અંદાજપત્ર મંજૂર કરવા માટે ૨૩મી માર્ચના રોજ સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

આ બેઠક માટે ચૂંટણી પંચે મંજૂરી આપી છે કે કેમ ?બેઠકમાં બજેટ સિવાયના મુદ્દાઓની ચર્ચા થઈ શકશે કે કેમ ? બજેટમાં જે કામો સૂચવાયા છે તે આદર્શ આચાર સંહિતાનો ભંગ ગણાય કે કેમ ? તેવા વિવિધ પ્રશ્નો વચ્ચે રાજકીય ગલિયારીઓમાં નવો વિવાદ શરૂ થઈ ગયો છે.

રાજકીય પંડિતોના મત મુજબ ચૂંટણી પંચે આવી મંજૂરી આપવી જોઈએ નહિ. મનપાની સ્થાયી સમિતિએ તેને ક્યારનીય મંજૂરી આપી હતી તો પછી બજેટ માટે સામાન્ય સભા ન બોલાવવા પાછળના કારણો શું હતા ? બજેટમાં જે ચર્ચા થશે તે જાહેરમાં થશે એટલે સત્તાધારી પક્ષ આમ કરી અને પ્રસિદ્ધિ મેળવશે તેમજ લોકોને લલચાવવાનો પ્રયાસ હશે.

**મનપાની મળનારી સામાન્ય સભામાં આમ તો બજેટ એક જ એજન્ડા દર્શાવવામાં આવ્યો છે એટલે બજેટ સિવાયના અન્ય મુદ્દાઓ પર ચર્ચા થશે કે નહિ તે પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે**

જો કે બીજો મત એવો પણ પ્રવર્તે છે કે બજેટમાં કોઈ કર વધારાની દરખાસ્ત નથી એટલે ૩૧મી માર્ચ સુધી તે મંજૂર કરી શકાય છે. આમાં કોઈ વાંધા સરખુ નથી.

મનપાની મળનારી સામાન્ય સભામાં આમ તો બજેટ એક જ એજન્ડા દર્શાવવામાં આવ્યો છે એટલે બજેટ સિવાયના અન્ય મુદ્દાઓ પર ચર્ચા થશે કે નહિ તે પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે કારણ કે ગત બેઠકની કાર્યવાહી નોંધને લઈ શાસક પક્ષના જ કાઉન્સીલરો વિરોધમાં છે. આમ મનપાની છેલ્લી સામાન્ય સભાને લઈ એક નવો વિવાદ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# શહેરમાં કોરોનાનો વિસ્ફોટ : નવા ૧૫ કેસ

**જિલ્લામાં નવા ૨૭ કેસ : ૧૯ ને ડિસ્ચાર્જ : ગાંધીનગર તાલુકો અને શહેરમાં કોરોનાનો વિસ્ફોટ : શહેરમાં ૧૫ કેસ તો કુડાસણમાં પાંચ કેસ સહિત ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ કેસ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૨૭ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકો અને ગાંધીનગર શહેરમાં કોરોના બેખોફ બની વિસ્તરી રહ્યો છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ કેસ અને ગાંધીનગર શહેરમાં ૧૫ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં જે રીતે કોરોનાના કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણમાં આવી રહી નથી.

ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા ૧૨ કેસમાં ૬ કેસ મહિલા દર્દીના છે. ૩ દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે એક વિદ્યાર્થી અને એક કર્મયોગી સંક્રમિતોની યાદીમાં છે. આ ઉપરાંત ખેડૂત તેમજ ખાનગી નોકરી કરતા વ્યક્તીઓ પણ સંક્રમિતોની યાદીમાં છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી આજે એક દિવસમાં પાંચ કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આ ઉપરાંત વાવોલ અને લવારપુરમાંથી પણ બે-બે કેસ મળ્યા છે તેમજ રાંદેસણ, રાયસણ અને ઝુંડાલમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૨૨૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૯૨૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે કોરોના વિસ્ફોટ જેવી સ્થિતિ છે. શહેરમાં આજે એક જ દિવસમાં ૧૫ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે ૬ મહિલા દર્દી નોંધાયેલ છે. શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી પાંચને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક ડ્રાઈવર, કન્ટ્રક્શનનો બિઝનેશમેન, એક અધ્યાપક, એક ટીસીએસ ગાંધીનગરનો કર્મયોગી, તેમજ જળસંપત્તિ વિભાગના કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં લાંબા સમય બાદ સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળ્યો છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

શહેરમાં આજે સે. ૨ માં ૨ કેસ તેમજ સે. ૬ માંથી ૩ કેસ મળવા ઉપરાંત બોરીજ, સે. ૨૦, ૧૪, ૨૭, ૨૪, ૩૦, ૧૨, ૨૫, ૭ અને ૧૭ માંથી કેસ મળી આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## સચિવાલયના પાંચ નાયબ સચિવો સંક્રમિત થતાં કર્મચારીઓમાં સન્નાટો

**કોરોના ગાઈડલાઈનના પાલનની વાતો સચિવાલયમાં માત્ર કાગળ પરની હોવાની વાતને લઈ પણ રોષ**

ગાંધીનગરના સૌથી મોટા વહીવટીય સંકુલ સચિવાલયમાં પાંચ નાયબ સચિવ કક્ષાના અધિકારીઓ સંક્રમિત થયા હોવાથી સરદાર પટેલ સંકુલમાં આજે સન્નાટો વ્યાપી ગયો છે.

જે પાંચ નાયબ સચિવ કક્ષાના અધિકારીઓ સંક્રમિત થયા છે તેમાં સામાન્ય વહીવટ વિભાગના એક, મહેસુલ વિભાગના એક, પંચાયત વિભાગના એક, વન વિભાગના એક અને ગૃહ વિભાગના એક અધિકારીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના ટેસ્ટીંગમાં પણ વધારો થયો છે એટલુ જ નહિ કેટલીક સરકારી કચેરીઓમાં થમ્બ હાજરી ચાલુ કરવામાં આવી છે તેને લઈ પણ કર્મચારીઓમા રોષની લાગણી જોવા મળી રહી છે. કેટલીક કચેરીઓમાં સેનીટાઈઝેશનની જે વ્યવસ્થા અગાઉ ઉભી કરાઈ હતી તે બંધ કરાઈ છે. આ ઉપરાંત સચિવાલયમાં પ્રવેશ પૂર્વે થર્મલ ગનથી સ્ક્રીનીંગ કરવામાં આવતુ હતુ તે પણ બંધ કરવામાં આવ્યુ હોવાથી તંત્રના કર્મયોગીઓમાં રોષ ઉભો થયો છે.

## જિલ્લામાં બે વર્ષમાં ૮૭૦ દરોડા વ્યાજબી ભાવની દુકાનો પર પાડવામાં આવ્યા

**દરોડા દરમ્યાન ૫૧૩ દુકાનોમાં ગેરરીતિઓ જોવા મળી : સાત દુકાનોના પરવાના રદ કરાયા : જિલ્લામાં બે વર્ષમાં પ્રવાસન ધામોના વિકાસ પાછળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી : પ્રવાસનમંત્રી**

ગાંધીનગર, તા. ૧૯

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં કૃષિ, ગ્રામ વિકાસ, વાહન વ્યવહાર નાગરિક પુરવઠા, પ્રવાસન, સહકાર અને રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી પ્રશ્નોત્તરી હતી.

● **બી.પી.એલ. કાર્ડ એ.પી.એલ.માં તબદીલ**

બાપુનગરના કોંગી સભ્ય હિંમતસિંહ પટેલે ગાંધીનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકોને એ.પી.એલ. કાર્ડમાં તબદિલ કરવા બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૯ માં ૪ અને ૨૦૨૦માં ૨૭ કાર્ડ બી.પી.એલ.માંથી એ.પી.એલ.માં તબદિલ કરાયા હતા.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે ૨૦૧૯ માં ૧૪ અને ૨૦૨૦ માં ૮૭ કાર્ડ બી.પી.એલ.ના રદ કરવામાં આવ્યા હતા.

● **અનાજના જથ્થાનું વિતરણ**

દહેગામના ભાજપના બલરાજસિંહ ચૌહાણ તથા ગાંધીનગર (દ)ના ભાજપના શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ અન્ન સલામતિ કાયદા હેઠળ અનાજના જથ્થાનું કરાયેલ વિચરણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે અન્ન સલામતિ કાયદો ૨૦૧૩ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ૪૪૯૩૨.૪૩૪ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

મંત્રીએ જણાવ્યુ છે કે એ.એ.વાય. કાર્ડધારકોને ઘઉં ૨ રૂ., ચોખા ૩ રૂ.ના ભાવે આપવામાં આવ્યા છે. પીએચએચ કાર્ડ ધારકોને ઘઉં રૂ. ૨ અને ચોખા ૨ રૂ.ના ભાવે વિતરણ કરવામાં આવેલ છે.

● **વ્યાજબી ભાવની દુકાનો પર દરોડા**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો ઉપર પાંડવામાં આવેલ દરોડાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૮૭૦ દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં દરોડાઓ દરમ્યાન ૫૧૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી હતી. ૧૨ દુકાનદારો સામે પગલાં લેવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ છે કે ૬૮૫૦ રૂ.નો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. ૩૫ હજાર રૂ. પરવાના અનામત પણ રાજ્યસાત કરવામાં આવેલ

● અનુસંધાન પાન-૭ પર

## સેલ્ફી પોઈંટની કામગીરી અંગે વિપક્ષી નેતાએ સામાન્ય સભામાં ચર્ચા માગી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે સેલ્ફી પોઈંટની કામગીરીને લઈ આગામી સામાન્ય સભામાં ચર્ચા કરવા માટે પુરતો સમય ફાળવવા મેયરને પત્ર લખ્યો છે.

તેમણે આ પત્રમાં જણાવ્યુ છે કે સને ૧૯૯૭માં શંકરસિંહ વાઘેલા જયારે મુખ્યમંત્રી હતા ત્યારે ગાંધીનગર શહેરના 'ચ' રોડને પૂર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીનું નામ આપ્યુ હતુ. તથા ચ-૫ કોર્નર ખાતે ડૉ. જીવરાજ મહેતા ભવનની નજીકના ખૂણામાં પૂર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીની પ્રતિમા મુકવા માટે જગ્યા નીમ કરાયેલ હતી, પરંતુ થોડા દિવસ પહેલા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોઈ પણ કામની મંજુરી વિના, કોઈ પણ જાતના વર્કઓર્ડર વિના આ સ્થળે તોડફોડ કરીને સેલ્ફી પોઈન્ટ બનાવવા માટે કામ શરૂ કરી દીધુ હતુ. જેથી સમગ્ર જનતાની લાગણી દુભાઈ છે, આથી સદર જગ્યા ઉપર પૂર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીની પ્રતિમા માટે ગુજરાત સરકાર દ્વારા રદ કરવામાં આવેલ ઠરાવની નકલ સામાન્ય સભામાં રજુ કરશો તથા કોને ક્યાંથી કામ મંજુર કર્યુ તથા કોના કહેવાથી આ સ્થળે કામ શરૂ થયુ ? તે બાબતની વિસ્તૃત ચર્ચા કરવા માટે તા. ૨૩-૩-૨૦૨૧ના રોજ મળનારી સામાન્ય સભામાં સમય ફાળવવા વિનંતી કરી છે.


**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. કિશન રાજેશભાઈ પટેલ**
સ્વ. તા.૧૭-૩-૨૦૨૧, બુધવાર
તેનપુર, તા.બાયડ

વિધાતાએ કર્યો અન્યાય ત્યાં ક્યાં માગવો ન્યાય,
તમારી ઓચિંતિ વિદાય કદી ભૂલાશે નહીં,
નિખાલસ, માયાળુ સ્વભાવ હંમેશાં યાદ રહેશે,
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી.
સ્વ.રણછોડભાઈ અમિચંદભાઈ પટેલ પરિવાર, તેનપુર
ઉમિયા સીડ્સ એજન્સી, બાયડ
શારદા ટ્રેડર્સ, બાયડ
તા.બાયડ, જિ.અરવલ્લી

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com